જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૨/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૨૮ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૦,૬૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૯/૧૬**

**મણીનગરઃ** કાનુનાથ ભુરનાથ જોગી )રહે.નિકંદ છાયા કોમ્પલેક્ષના ધાબા ઉપર કૃષ્ણબાગ ચાર રસ્તા મણીનગર (એ તા.૨/૨/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મણીનગર ભૈરવનાથ ગોપાલકુંજ બંગલોઝ નજીકથી પોતાના પુત્ર મહેન્દ્ર (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એન એસ દેસાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ધર્મિષ્ઠાબહેન વિનોદભાઈ પરમાર (ઉ.વ.૧૭) )રહે.ભારતીયનગર રખિયાલ રોડ ગોમતીપુર( ને તા.૨/૨/૧૬ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી ઉમેદભાઈ દિલીપભાઈ ચૌહાણ (રહે.ચંદુલાલની ચાલી રખિયાલ રોડ ગોમતીપુર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેનની માતા મધુબહેન પરમારે ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ સુરેન્દ્રસિહ ભારતસિહ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૦/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** દક્ષાબહેન મનિષભાઈ પંચાલ (રહે.વિશ્વકર્મા સોસાયટી ચાંદલોડીયા) એ તા.૨/૨/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પતિ મનિષભાઈ પંચાલ (ઉ.વ.૨૯) એ આરોપી કનુભાઈ ભરવાડ અને બીજા છ વ્યક્તિઓ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. જે રૂપિયાનુ વધુ વ્યાજની માંગણી કરી હતી અને નહી આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપતા દુષ્પ્રેરણના લીધે મનિષ પંચાલે તા.૧૮/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાના છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૧/૧૬**

**રખિયાલઃ** મુકેશભાઈ દેવજીભાઈ ચૌધરી )રહે.દર્શન બંગલોઝ ગ્રામ પંચાયતની સામે) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૨/૧૬ રાતના ૮/૩૦ થી તા.૨/૨/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ગુજરાત બોટલીંગ ચાર રસ્તા જગન્નાથ એસ્ટેટમાં આવેલ શિવકૃપા સ્ટીલની દુકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સી.સી.ટીવી.કેમેરા,સીસ્ટમ અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મસ.ઇ શ્રી બળદેવસિંહ રામસિંહ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૪૨/૧૫**

| | |
|---|---|
| **સરદારનગરઃ** અંજલીબહેન મનસુખભાઈ ગરવા (ઉ.વ.૨૧)(રહે. ડી-વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૧૯/૧/૧૬૯ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીલા રંગનો સલવાર અને કોર્તો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **શહેરકોટડાઃ** રામજીભાઈ રૂપાભાઈ ચાવડા (ઉ.વ.૪૭) (રહે. પીકર્સની ચાલી સીટી ગોલ્ડની બાજુમાં અનિલ સ્ટાર્ચ રોડ) તા.૧૮/૧/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. જમણા હાથના કાંડાં પાસે અંગ્રેજીમાં ટી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૯ ઈંચ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૦૦૦૭) |  |
| **નરોડાઃ** રામજીભાઈ દાનાભાઈ ગોહીલ (ઉ.વ.૫૫) (રહે. આંબેડકરની ચાલી અમૃત ગેસ્ત હાઉસની બાજુમાં નરોડા) તા.૨૭/૧/૧૬ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **નરોડાઃ** સાર્થક કૃષ્ણામુરારી રાય (ઉ.વ.૧૩) (રહે. અક્ષરધામ રેસીડન્સી વસંત વિહાર બંગલોઝ સામે નવા નરોડા) તા.૩૦/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નાના ચિલોડા નીલકંઠ સ્કુલ નજીકથી ગુમ થયેલ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે.(નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **શાહીબાગ :** માકુભાઈના છાપરાં શાહીબાગ ખાતે રહેતા હેતલબહેનના સવા માસના પુત્ર ગીરધરનગર સર્કલથી શનિદેવ મંદિર સુધીના રસ્તામાં રિક્ષામાંથી તા.૩૧/૧/૧૬ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે ગુમ થયેલ છે. મધ્યમ બાંધો અને રંગે ગોરો છે. ગુલાબી રંગનું સ્વેટર આસમાની રંગની આખી બાયનુ ટી-શર્ટ અને પોપટી રંગની લેગીઝ પહેરાવેલ છે. ઉંચાઇ દોઢ ફુટ છે.(શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૨૬૮૦૨૫) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)